# પ્રેસ નોટ

## માનાનીય પ્રશાસક શ્રી પ્રફુલ ભાઈ પટેલ નો ઉદ્યોગો માટે પી.પી.સી. પરમીશન અને પાવર માટેની પરમીશન નો ઓપન હાઉસ રાખવાનો એતિહાસિક નિર્ણય.

ઇન્વેશમેન્ટ પ્રમોશન કાઉસિલ ની ૮મી બૈઠક દિનાંક ૨૩/૨/૨૦૧૭ ના રોજ માનનીય પ્રશાસક પ્રફુલભાઈ પટેલ ના અધ્યક્ષતા માં સચિવાલય માં રાખવામાં આવી હતી. જેમાં કાઉસિલ ના સદસ્યો શ્રી જે.બી.સિગ, પ્રશાસક ના સલાહકાર, શ્રે ઉમેશ ત્યાગી, વિકાસ આયુક્ત, શ્રી ઓ.વી. આર. રેડ્ડી, મુખ્ય વન સંરક્ષક, શ્રી ગૌરવ સિંહ રાજાવત, સમાહર્તા, શ્રી દેવેન્દ્ર દલાઈ, વન સંરક્ષક, શ્રી એચ.એમ.પટેલ, કાર્યપાલક અભિયંતા (વિદ્યુત), શ્રી શિવમ તિયોતિયા,પ્રભારી જિલા ઉદ્યોગ કેન્દ્ર, શ્રી જીગ્નેશ પટેલ, પરિયોજના પ્રબંધક (જિલા ઉદ્યોગ કેન્દ્ર) અને સવિશેષ પ્રશાસક ના સલાહકાર શ્રી સત્ય સાહેબ ઉપસ્થિત રહ્યા હતા.

આ કમિટિએ કુલ ૧૩૪ નવા ઉદ્યોગો ને પરમિશન આપી હતી અને કુલ ૧૭૦૯.૭૮ કરોડ નું નવું રોકાણ મંજૂર કાર્ય હતું. આ નવા ઉદ્યોગો આવવાથી અંદાજિત ૩૦૦૦ હજાર નવા રોજગાર ની તકો ઉભી થઇ છે. આ ૧૩૪ નવા ઉદ્યોગો માં ૧૩ મોટા, ૦૫ માધ્યમ, ૭૦ લઘુ અને ૪૬ અતીશુક્ષ્મ ઉદ્યોગો નો સમાવેશ થાય છે. એમાં લગભગ ૯૩૩ કરોડ નું રોકાણ ટેક્ષટાઈલ ક્ષેત્ર માં અને ૬૨૮ કરોડનું રોકાણ પ્લાસ્ટિક ક્ષેત્ર માં મંજૂર કરવામાં આવ્યું હતું.

આ કમિટી માં માનનીય પ્રશાસક શ્રી પ્રફુલ ભાઈ પટેલે ઉદ્યોગો માટે પી.પી.સી. પરમીશન અને પાવર ની પરમીશન માટે ઓપન હાઉસ રાખવાનો એતિહાસિક નિર્ણય લીધો છે. એના અનુસંધાન માં તારીખ ૨૫.૨.૨૦૧૭ સવારે ૧૦.૩૦ વાગે પેન્ડીંગ પોલ્યુશન કંટ્રોલ અને વિધુત વિભાગ ની પરમિશન નો ઉદ્યોગ કારોની હાજરીમાં સંબંધિત અધિકારી તેમની જોડે ચર્ચા વિચારના કરીને સંપૂર્ણ પારદર્શિતા થી તેમની અરજી નો નિકાલ કરશે. આ એક ઈતિહાસિક અને નવતર પ્રયોગ શરુ કરેવામાં આવી રહઓ છે. જે ઉદ્યોગકારો ની પરમિશન નું ઓપન હાઉસ માં નિકાલ કરવાનો છે

તેની સૂચી પોલ્યુશન કન્ટ્રોલ કમિટી અને વિદ્યુત વિભાગ સંબંધિત ઉદ્યોગકારોને જણાવશે. આ ઓપનહાઉસ માં પેન્ડીંગ પડેલ અરજીઓનો સ્થળ ઉપર જ નિકાલ કરવામાં આવશે. જેથી જે ઉદ્યોગકારોને સંબંધિત વિભાગ તરફ થી સૂચના મળે તેઓએ નીચેના સ્થળ ઉપર હાજર રહેવું.

સ્થળ :- સચિવાલય પરિસર, સભાગૃહ, સિલવાસ

સમય :- સવારે ૧૦.૩૦ વાગે

૨૩/૨/૨૦૧૭

૨૩/૨/૧૭

(જીગ્નેશ પટેલ)
પરિયોજના પ્રબંધક (જી.ઉ.કે.)

સિલવાસ -૩૯૬૨૩૦ , તારીખ ૨૩/૨/૨૦૧૭